**મે. સુરતના નવમા અધીક સીવિલ જજ અને જ્યુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં**

ફોજદારી કેસ નં.:

**ફરીયાદી :** સરકારશ્રી
વિરૂધ્ધ
**આરોપી :**
**ગુન્હો :** આઈ.પી.સી. કલમ ૨૭૯ મુજબનો

**-:ચુકાદો:-**

૧)ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરીયામ માર્ગમાં કોઈ વ્યકિત માટે ભય અને અંતરાય ઉભો થાય તે રીતે પોતાનું વાહન ભયજનક સ્થિતીમા મુકી ઈ.પી.કોડની કલમ- ૨૭૯ મુજબનો ગુનો કરેલ છે.

૨)આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવે છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરી આંક -૨ થી પુરસીસ રજુ કરેલ, જે સંદર્ભે આંક -૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતા જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા જોગવાઈ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**-: હુકમ :-**

આ કામના આરોપીને ક્રિ.પ્રોસી. કોડની કલમ - ૨૫૨ મુજબની ઈ.પી.કોડની કલમ -૨૭૯ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂ.300/- પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ ખુલી અદાલતમાં જાહેર કરવામાં આવે છે.

તા. 26-06-૨૦૨૨

( આર.આર.બારીઆ)
નવમા અધિક સીવિલ જજ અને
જ્યુડી. મેજી.ફ.ક., સુરત
(**Code :GJ 01609**)